# થરાદમાં એક જ રાતમાં ત્રણ ઈંચ વરસાદ : જનજીવન ખોરવાયું

ડીસા, તા. ૧૩

બનાસકાંઠા જિલ્લાના સરહદી થરાદ તાલુકામાં ૮૯ મીલીમીટર એટલે કે સાડા ત્રણ ઈંચ જેટલો વરસાદ ખાબકતા જનજીવન અસ્તવ્યસ્ત થઈ જવા પામ્યું હતું. શહેરના કેટલાય વિસ્તારો જળબંબાકાર બની જતા લોકોની હાલત ભારે કફોડી બની જવા પામી છે.

થરાદ શહેરમાં આવેલ બસ સ્ટેન્ડ ૮૦ ટકા પાણીમાં ગકકાવ થઈ જવા પામતા મુસાફરો તેમજ વહીવટી સ્ટાફને ભારે હેરાનગતીનો સામનો કરવો પડ્યો હતો. શહેરમાં પ્રથમ વખતે પડેલો ધોધમાર વરસાદમાં બસ સ્ટેન્ડ પાણીમાં ગરકાવ થઈ ગયું હતું અને ચોમેર પાણી ભરાતા જળાશય ભરાયું હોય તેવું દશ્ય સર્જાયુ હતુ. જ્યારે બજારમાં ક્રિના કોમ્પલેક્ષ



સહિત કેટલાક કોમ્પલેક્ષોમાં પણ પાણી ભરાઈ જતાં વેપારીઓને લાખો રૂપિયાનું નુકસાન થવા પામ્યું હતું. મોડીરાત્રે વરસતા વરસાદમાં વેપારીઓને પોતાનો માલ સામાન સલામત જગ્યાએ ખસેડવાનો મોકો મળ્યો નહોતો અને દુકાનોમાં પાણી ઘુસી ગયા હતા. સવારે વેપારીઓએ આવીને જોતા જ તેઓ દુકાનોમાં પાણી જોઈ ચોંકી ઉઠ્યા હતા. જ્યારે શહેરની ગણેશ સોસાયટીમાં પણ પાણી ભરાઈ જતા લોકોને બહાર નિકળવુ ભારે પડી ગયું હતું. નિચાણવાળા વિસ્તારોમાં આવેલી અન્ય સોસાયટીમાં પણ પાણી ભરાઈ ગયું હતું. તેમજ ટેલીફોન એકસચેન્જમાં પાણી ઘુસતા દૂર સંચાર સેવાઓ ઠપ્પ થઈ ગઈ હતી. મોડી રાત્રે વીજળી વેરણ થવા પામી હતી. જેના કારણે શહેરમાં અંધાર પટ છવાયો હતો. ઉપરાંત નિચાણવાળા વિસ્તારોમાં આવેલ ઝુંપડપટ્ટી વિસ્તારોમાં પાણી ભરાઈ જતા કેટલાય પરિવારો વરસાદી માહોલ વચ્ચે નોંધારા બની ગયા હતા.

## પાલનપુર યુવા ભાજપના પ્રમુખ તરીકે એડવોકેટ જસવંતસિંહની વરણી

પાલનપુર, તા. ૧૩

પાલનપુર શહેરમાં યુથ ભાજપમાં મહામંત્રી તરીકે સેવા આપનાર જસવંતસિંહ વાઘેલા અને સાગર જાની કે જેઓ ગત ટર્મના પ્રમુખ હરેશ ચૌધરીની સાથે ખભેખભા મીલાવીને પાર્ટીના કામ માટે સતત તત્પરતા દાખવીને યુવા ટીમ સાથે અગ્રેસર રહેતા હતા. આંદોલનના સમયે ટ્રેન રોકીને પણ ભારે વિરોધ દર્શાવાયો હતો. કોલેજના વિદ્યાર્થીઓના પ્રશ્નો અંગે પણ આજ યુવા ટીમે લડત લડીને ન્યાય અપાવવા અથાગ પ્રયત્નો કર્યા છે. આમ સેવાકીય કાર્યોના કારણે ગુજરાત પ્રદેશ ભાજપ અને બનાસકાંઠા જિલ્લા ભાજપાએ એડવોકેટ જસવંતસિંહ પી. વાઘેલાની પાલનપુર શહેર યુવા ભાજપ પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. જ્યારે સાગર જાનીની શહેર યુવા ભાજપના મહામંત્રી તરીકે વરણી કરવામાં આવતા યુવા કાર્યકરોમાં ભારે ખુશીની લાગણી ફેલાઈ ગઈ હતી. બંને અનુભવી કાર્યકરોની નિમણુંક થતા શહેરની યુવા ટીમ વધુ મજબુત બનીને પાર્ટીના કામો પણ સારા થશે. બંને યુવાન હોદ્દેદારોએ ભાજપાના મોવડીમંડળ સહિત નામી અનામી શુભેચ્છકોનો આભાર વ્યક્ત કરીને તમે મુકેલા વિશ્વાસને સાર્થક કરવાની ખાત્રી આપી હતી.



વરસાદના બીજા રાઉન્ડમાં પાલનપુરમાં ગરમીથી ત્રાસી ગયેલા શહેરીજનોએ ધોધમાર વરસાદમાં ન્હાવાની મજા માણતો એક યુવક તસવીરમાં દશ્યમાન થાય છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## ડીસા તાલુકા પોલીસે નકલી ચલણી નોટના નેટવર્કનો પર્દાફાશ કર્યો : એક જેલ હવાલે

ડીસા, તા. ૧૩

ડીસા તાલુકા પોલીસ ઈન્સ્પેકટર આર. એમ. ભદોરીયા અને એસ.ઓ.જી. પી.એસ.આઈ. ગઢવી તેમજ ટીમે કુચાવાડા ગામ પાસેથી બાતમીના આધારે રૂપિયા સોના દરની નકલી ચલણી નોટ વેચાણ કરવા આવેલા એક શખ્સને રંગેહાથ ઝડપી પાડ્યો હતો અને તેની પાસેથી ૨૯ ડુપ્લીકેટ નોટો જપ્ત કરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ડીસાના કુચાવાડા ગામેથી એક સખ્સને રૂપિયા સોના દરની નકલી ૨૯ નોટો સાથે ઝડપી પાડ્યો હતો. આ ગુનામાં અન્ય એક શખ્સની પણ સંડોવણી બહાર આવી છે. કુચાવાડા ગામ પાસે આવેલા પેટ્રોલ પંપ પાસે એક ઈસમ નકલી નોટો લઈને તેનો વપરાશ કરવા આવવાનો છે તેવી બાતમી મળતા પોલીસે વોચ રાખી હતી અને કુચાવાડાના ધનરાજ કરશન પટેલને પંચો રૂબરૂ ઝડપી પાડ્યો હતો અને તેની તલાશી લેતા તેની પાસેથી ૨૯ નોટો મળી આવી હતી. આ અંગે આરોપી પોલીસને જણાવ્યું હતું કે રમેશ દાનાભાઈ રબારીએ ટ્રેક્ટરના ભાડા પેટે તેને આ નોટો આપી છે. ઝડપાયેલો આરોપી અને પોલીસ પકડથી દુર રમેશ રબારી તો માત્ર પ્યાદા છે. મુખ્ય સુત્રધારો પડદા પાછળના મોટા ક્રિમિનલો હોવાની પોલીસને શક્યતા છે. પકડાયેલી ૨૯ નોટોમાં ૧૩ નોટોમાં એક જ સીરીઝ છે. જ્યારે અન્ય સાત નોટો તે રીતે અન્ય ચાર નોટો તેમજ અન્ય બે નોટો પણ એક જ સીરીઝની છે. ઝડપાયેલો આરોપી ધનરાજ અને ઝડપવાનો બાકી આરોપી રમેશ દેશને બરબાદ કરવાના રાષ્ટ્રદ્રોહના મુખ્ય સૂત્રધારો સુધીની કડી હોઈ પોલીસે આ બંનેના રિમાન્ડ મેળવી સમગ્ર નેટવર્કનો પર્દાફાશ કરશે તેવું જણાવ્યું છે.

## શબ્દાવલી - ૫૧૧૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ | |
| ૭ | | | ■ | ■ | ૮ | | ■ |
| | ■ | | ■ | ૯ | | | ૧૦ |
| | ■ | ૧૧ | ૧૨ | | ■ | ૧૩ | |
| ■ | ૧૪ | ■ | | ■ | ૧૫ | ■ | |
| ૧૬ | | | | ■ | ૧૭ | | |
| ■ | | ■ | ૧૮ | | | ■ | ■ |
| ૧૯ | | | | ■ | ૨૦ | | |

### આડી ચાવી

૧. ચંદ્રનો પ્રકાશ... રેલાવે (૩)
૪. સમર્પણ, અર્પણ (૪)
૭. પાછું આવવું, ... આવવું (૩)
૮. પતિ, ધણી (૨)
૯. રસાદાર, પાણી ભરેલું (૪)
૧૧. તોછડાઈથી બોલવવું તે (૩)
૧૩. નાકની વાળી (૨)
૧૬. કોઈ વસ્તુનું બંધન હોવું (૪)
૧૭. ભગવાનને ચડાવાતા રેશમી હાર (૩)
૧૮. સીધા રોડ પર પડેલા ખાડાખબડા (૩)
૧૯. વપરાશમાં ના આવતી હોય તેવી જગ્યા (૪)
૨૦. .... કરવી, ખૂન કરવું (૩)

### ઊભી ચાવી

૧. ... કરવી, ખુશામત (૪)
૨. કિંમત, ભાવ (૨)
૩. પાણીથી તરબોળ ભીનું કપડું સુકવે તે (૪)
૫. રાવટી, સૈનિકોનો પડાવ (૩)
૬. દેવી-દેવતાઓનો આશીર્વાદ (૪)
૯. થર્મોમીટરમાં ઉષ્ણતામાનની ડિગ્રી માપવામાં આ પ્રવાહીનો ઉપયોગ થાય (૨)
૧૦. અષાઢી બીજના દિવસે શ્રીકૃષ્ણ-બલરમ-સુભદ્રાજીની... નીકળે (૪)
૧૨. કામણ કરનારૂં (૫)
૧૪. 'પળવાર' શબ્દ આડો અવળો (૪)
૧૫. લાફો, ઝાપટ (૪)

### શબ્દાવલી ૫૧૧૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) વિશ્વામિત્ર (૩) કશીશ (૬) વાસ (૭) વાસ (૭) હિમશીલા (૮) વિનીમય (૧૦) મધુરજની (૧૧) મનોરમા (૧૨) મુક (૧૪) અણખટ (૧૫) રજનીશ (૧૭) જાન (૧૮) કરમસદ

**ઊભી ચાવી :-** (૧) વિવાદ (૨) શ્વાસ (૩) કમયની (૪) શીશી (૫) સલાખો (૭) હિમજ (૮) વિધુર (૯) નીરમા (૧૦) મનોરંજન (૧૨) મુખવાસ (૧૩) કટ (૧૫) રજા (૧૬) શક

## ભાજપના મહિલા મોરચાની આજે ગાંધીનગરમાં મિટિંગ

અમદાવાદ, તા.૧૩

મહિલા મોરચાના પ્રદેશ મહામંત્રીઓ જસુબેન કોરાટ અને હેમાલીબેન બોધાવાલાએ જણાવ્યું છે કે આવતીકાલે રવિવારે ગાંધીનગર ખાતે મહિલા મોરચાની નવગઠીત કારોબારીની પ્રથમ બેઠક યોજાશે જેમાં કેન્દ્રીય મહિલા મોરચાના પૂર્વ અધ્યક્ષા અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ સ્મૃતિ ઈરાની તેમજ મહિલા મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારી વિજયા રાહતકાર ઉપસ્થિત રહેશે.

બેઠકમાં જુદા જુદા પાસાઓ પર ચર્ચા વિચારણાની સાથે સાથે રાજ્યસરકારની પ્રશંસનીય કામગીરીનો મુદ્દો છવાશે આ ઉપરાંત કેન્દ્ર સરકારની નિષ્ફળતાઓથી ઉપસ્થિત બહેનોને વાકેફ કરવામાં આવશે. બેઠકમાં આગામી કાર્યક્રમોનું આયોજન ઘડવામાં આવશે અને રાજકીય ઠરાવ પણ પસાર કરાશે. કોરાટ અને બોધાવાલાએ જણાવ્યું છે કે, મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષા ડો. જ્યોતિબેન પંડ્યાના અધ્યક્ષપદે યોજાનારી આ બેઠકમાં રાજ્યના પ્રદેશ જિલ્લા અને તાલુકા સ્તર સુધી જવાબદારી સંભાળતી ૪૦૦ થી વધુ મહિલા મોરચાની બહેનો ભાગ લેશે. આ બેઠકમાં રાજ્ય સરકારના મહેસૂલમંત્રી આનંદીબેન પટેલ અને શિક્ષણમંત્રી વસુબેન ત્રિવેદી વિશેષ ઉપસ્થિત રહેશે, તેમજ ચૂંટાયેલા મહિલા સંસદસભ્યો, ધારાસભ્યો, મેયર પણ હાજરી આપશે.

**રોપાઓનું વિતરણ...** ● છેલ્લા પાનાનું ચાલુ

**છે. આ વખતે વરસાદ વહેલો થતા વનવિભાગ દ્વારા રોપાઓની વાવણી પણ સમયસર શરૂ કરી દેવાઈ છે. શહેરમાં પણ મુખ્યમાર્ગો આસપાસ વન વિભાગની જમીનમાં ખાડા ખોદીને રોપાઓનું વાવેતર કરી દેવાયું છે. જ્યારે આજથી વૃક્ષયાત્રાની પણ શરૂઆત કરી દેવાઈ છે. તા. ૧૩ અને ૧૪ જુલાઈ દરમિયાન વૃક્ષયાત્રા અન્વયે જૂના અને નવા સેક્ટરોને આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. આજે સવારે ૯ કલાકે રાજભવન નર્સરીથી વૃક્ષયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આજે પ્રથમ દિવસે નવા સે. ૧ થી ૧૫ તેમજ ઈન્ફોસીટી, વાવોલમાં રોપાઓનું વિતરણ કરાયું હતું. બે રાઉન્ડમાં રોપા વિતરણનું અભિયાન હાથ ધરાયું હતું. સેક્ટરોમાં રોપાઓના વિતરણમાં ૧૬૦ જેટલા સ્વયંસેવકોએ સેવા આપી હતી. જ્યારે ૧૪ ઊંટગાડી, ૨ ટ્રેક્ટર કામે લાગ્યા હતા. વરસાદના લીધે વૃક્ષયાત્રા એક કલાક મોડી શરૂ થઈ હતી. જ્યારે કાદવ કીચડના લીધે સ્વયંસેવકોને રોપા વિતરણમાં પણ હાલાકી વેઠવી પડી હતી.**

**મુખ્ય સચિવની તાકીદ...** ● પહેલા પાનાનું ચાલુ

સહાય ઝડપથી ચુકવાય તે જોવા જણાવ્યું છે.

મુખ્ય સચિવશ્રીએ ચોમાસાના દિવસોમાં પાણીના ક્લોરીનેશન તેમજ રોગચાળા પ્રતિબંધક પગલાં અને દવાઓનો પુરતો જથ્થો ઉપલબ્ધ સરકારી દવાખાનાઓમાં થાય તે જોવા પણ તેમણે સૂચવ્યું છે.

આજની આ બેઠકમાં જી.એસ.ડી.એમ.એ., મહેસુલ વિભાગ, શહેરી વિકાસ વિભાગ, આરોગ્ય વિભાગ, માર્ગ-મકાન, સિંચાઈ, નાગરિક પુરવઠા વિભાગ, કૃષિ વિભાગના સચિવશ્રીઓ તથા ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોંઘવારીએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું

## હવે શાકભાજી કિલોના ભાવે નહી નંગના ભાવે !

હિંમતનગર, તા. ૧૩

શાકભાજીના ભાવો આસમાને પહોંચતા ગૃહણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે. સરેરાશ ડબલથી ચાર ગણા ભાવ થઈ જતાં શાકભાજી થાળીમાંથી ધીમે પગલે અદશ્ય થઈ રહી છે. શાકભાજી ખરીદવા બજારમાં જતી ગૃહિણીઓ પર્સ ભરીને પૈસા લઈ જાય તો પણ માત્ર એક ટંક કે બે ટંક ચાલે એટલું જ શાક ખરીદી શકે તેવી નોબત આવી છે. આ અંગે વેપારીઓ ગરમીના કારણે શાકભાજીની આવક ઘટતાં ભાવો વધ્યા હોવાની વાત જણાવી રહ્યા છે, પરંતુ મધ્યમ કે ગરીબ વર્ગના લોકોના રસોડામાં શાકભાજી ચાખવા પુરતુ બની રહ્યું છે.

મોંઘવારીના મારથી મધ્યમ વર્ગ અને ગરીબ લોકોની હાલત અત્યંત દયનીય છે. હાલ ગૃહીણી માટે શાકભાજી ખરીદવું ખુબ જ કઠીન બની ગયું છે. શાકભાજીના ભાવો એકાએક ઉછળતાં શાકભાજી જોખી જોખીને લેવું પડે છે. પેટ્રોલ-ડીઝલના ઉંચા ભાવોના કારણે અન્ય ખાદ્ય અન્નના ભાવો ઓલરેડી ઉંચકાયેલા છે. એમાંય થાળીમાં સૌથી મહત્વનું સ્થાન પામતું



દરેક શાક મોંઘુ થતા 'ચમચાને બદલે ચમચી'થી શાક પીરસવું પડે તેવી વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે.

શાકભાજીના વધેલા ભાવોના કારણે ગૃહણીઓનું મહિનાનું બજેટ ૧૦-૧૫ દિવસમાં જ ખર્ચાઈ જાય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. શાકભાજીના ભાવ લગભગ ડબલથી ચાર ગણા થઈ જતાં પ્રજા માટે ખાવુ શું ? કયું શાક ખાવું ? કેટલું ખાવું ? જેવી દુવિધાઓથી ગૃહીણીઓની હાલત અત્યંત કફોડી થઈ ગઈ છે. રીંગણ, દુધી, ટામેટા, કાકડી, કોબીજ, પાલકની ભાજી જેવા શાકની કિંમત તો ચાર ગણી છે. ઉંચા ભાવો સાંભળીને ગૃહીણીઓ બેહોશ ના થઈ જાય તે માટે શાકભાજી વેચતા વેપારી કિલોના બદલે અઢીસો ગ્રામના ભાવો બોલે છે. શાકમાર્કેટમાં શાક ખરીદવા આવતી તમામ ગૃહીણીઓની ચહેરા ઉદાસ દેખાય છે.

## બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિની કારોબારી બેઠક યોજાશે

પાલનપુર, તા. ૧૩

બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિની કારોબારીની બેઠક તા. ૧૫ જુલાઈ ૨૦૧૩ને સોમવારના રોજ બપોરે ૧વાગ્યે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે યોજાશે.

બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ઝાકીરભાઈ ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજાનાર આ બેઠકમાં લોકસભા પેટા ચૂંટણી અંગેની સમીક્ષા કરાશે. તેમજ નવા સભાસદ નિમવા સાથે સંગઠનલક્ષી ચર્ચા-વિચારણા કરવામાં આવશે. બેઠકમાં જિલ્લા કોંગ્રેસના તમામ હોદ્દેદારો, ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો, પ્રદેશ ડેલીગેટો, એ.આઈ.સી.સી.ના સભ્યો, તાલુકા શહેરના પ્રમુખ, જિલ્લા સદસ્યો, મહિલા સેવાદળ અને એન.એસ.યુ.આઈ.ના કાર્યકરોને ઉપસ્થિત રહેવા જિલ્લા પ્રમુખે જણાવ્યું છે.

## સપ્રેડા ગામના યુવાનનું વીજ કરંટ લાગતા મૃત્યુ નિપજ્યું

પાલનપુર, તા. ૧૩

ગઈકાલે મેઘરાજાએ બીજા રાઉન્ડની પધરામણી કરતા બનાસકાંઠામાં પાણી - પાણી થઈ ગયું હતું. વરસાદના કારણે અનેક જગ્યાએ ઝાડ અને વૃક્ષો પડી ગયા હતા. જેના પગલે વાવ તાલુકાના સપ્રેડા ગામના રહીશ ભગુભાઈ ભીખાભાઈ કુંભાર (ઉ.૩૫) આજે સવારે કુદરતી હાજતે જતા હતા તે દરમિયાન તુટેલા જીવંત વીજ વાયરનો કરંટ લાગતા તેમનું ઘટના સ્થળે જ કરૂણ મૃત્યુ નિપજ્યું હોવાનું કંટ્રોલ રૂમના સૂત્રોએ જણાવ્યું હતું.

## ભિલોડા, વિજયનગર, શામળાજી, દઢવાવ અને સુનોખ પંથકમાં સાર્વત્રીક મેઘમહેર

ભિલોડા,તા.૧૩

ભિલોડા, વિજયનગર, શામળાજી, દઢવાવ અને સુનોખ પંથકમાં વીજળીના કડાકા-ભડાકા સાથે સાર્વત્રીક મેઘમહેર થતાં ખેડુતો ખુશખુશાલ બન્યા હતા. ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી છે. કપાસ, મગફળી, ડાંગર, મકાઈ, તુવેર સહિત વિવિધ પાકો માટે આ વરસાદ આશીર્વાદરૂપ સાબીત થશે. ગત સમી સાંજે એકા-એક વાતાવરણમાં પલટો આવ્યા બાદ મેઘરાજાએ ધીમી-ધીમી ધારે પધરામણી કરતાં ખેડુતો અને પ્રજાજનો હરખાયા હતા.આકાશમાં ઘટાટોપ કાળા ડીબાંગ વાદળો ગોરંભાયેલા રહેતા હોવાના કારણે ભિલોડા પંથકમાં સાર્વત્રીક મેઘમહેર થતાં ભીની માટીની મહેંક સાથે જ સામાન્ય રીતે ગરમીના માહોલમાં ઠંડક પ્રસરી હતી.ભિલોડા પંથકમાં ઠેર-ઠેર અનેક નીચાણવાળા રેસીડેન્ટ હાર્દસમા વિસ્તારોમાં વરસાદી પાણી ખાડા-ખાબોચીયામાં ભરાઈ જતાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું હતું.ભિલોડાનગરમાં વરસાદ આવતાની સાથે યુ. જી. વી. સી. એલ.ના અધિકારીઓની બેદરકારીના કારણે વારંવાર વીજ પુરવઠો ખોરવાઈ જતાં પ્રજાજનો હેરાન-પરેશાન બન્યા હતા. ભિલોડાનગરના હાર્દસમા જૈન દેરાસર,ભુલવણી વિસ્તાર સહિત અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો પુરતો મળતો નથી તેવી બુમરાણો ઉભી થવા પામી છે પરંતુ યુ.જી.વી.સી.એલ.ના અધિકારીઓને મૌખીક ધ્યાન દોરવા છતાં અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢતા હોવાના કારણે પ્રજાજનો હેરાન-પરેશાન બન્યા છે. ભિલોડા તાલુકાના ખેરાડી, નારણપુર,નારસોલી સહિત વિવિધ ગામડાઓ જ્યોતિગ્રામ યોજના હેઠળ સમાવેશ કરેલ હોવા છતાં વરસાદના ચાર છાંટા પડતાની સાથે જ વીજળી ગાયબ થઈ જાય છે.ગ્રામ્યવિસ્તારોમાં પ્રજાજનો હેરાન-પરેશાન બન્યા છે.ભિલોડા પંથકમાં અવાર-નવાર વીજ પુરવઠો ખોરવાઈ છે.

ભિલોડા, વિજયનગર, શામળાજી, દઢવાવ અને સુનોખ પંથકમાં સાર્વત્રીક મેઘમહેર વાવણીલાયક વરસાદ આવતા ખેડુતો ખુશખુશાલ બન્યા છે. ખેડુતો અને ખેતમજુરો ખેતીકામમાં પરોવાયા છે.અણીના સમયે મેઘરાજાએ મહેર કરતાં મુરજાતા ખેતીના પાક જેવા કે કપાસ, મગફળી, મકાઈ સહિત વિવિધ પાકોને જીવતદાન મળતાં ખેડુતોએ હાશકારો અનુભવ્યો હતો.

# ગુજરાતમાં દર વર્ષે ૧૭ દલિતોની હત્યા થાય છે

## ભાજપ શાસનમાં દલીતો પર વધતા અત્યાચારને રોકવા કોંગ્રેસની માંગણી : કોંગ્રેસના સભ્ય રાજ્યપાલને મળશે

અમદાવાદ, તા.૧૩

ગુજરાતમાં દર વર્ષે ૧૭ દલિતોની ઘાતકી હત્યા કરવામાં આવી રહી છે અને ૨૭ દલિત સ્ત્રીઓને બળાત્કારના ભોગ બનવું પડી રહ્યુ છે. કોંગ્રેસ દ્વારા આ મુજબનો આક્ષેપ કરવામાં આવતા ભારે ખળભળાટ મચી ગયો છે. ભાજપના શાસનમાં દલિતો પર અત્યાચારનું પ્રમાણ વધી રહ્યુ છે. દર વર્ષે ૩૩૫ બનાવોના હિસાબે ગુજરાતમાં રોજ દલિતો પર અત્યાચારનો એક કેસ બનવાનો દાવો કોંગ્રેસ દ્વારા કરાયો છે. કોંગ્રેસનું પ્રતિનિધિમંડળ ૧૫મી જુલાઈના દિવસે બપોરે રાજ્યપાલને મળીને રજુઆત કરશે. ગુજરાતમાં ભાજપના શાસનમાં દલિતો ઉપર ખુન, બળાત્કાર, જીવીત વ્યક્તિઓને સળગાવી મુકવી, જાહેર સ્થળ ઉપર પાણી ન લેવા દેવું, વગેરે વિવિધ પ્રકારના અત્યાચારો કરવામાં આવી રહેલ છે તાજેતરમાં જ થાનગઢ ખાતે ત્રણ દલિતોનાં ખુન પોલીસ દ્વારા જ કરવામાં આવેલ છે અને સુરેન્દ્રનગરમાં એક યુવાન દલિત ભાઈને ઘરમાં જ બાળી મુકવામાં આવેલ છે. ધોળકાના લોલીયા ગામે પણ તાજેતરમાં જ એક દલિતનું ખુન કરવામાં આવેલ છે. ૨૦૦૧ થી ૧૨ ના વર્ષમાં કુલ ૪૦૨૬ અત્યાચારના બનાવો ગુજરાતમાં બનેલ છે. દર વર્ષે ૩૩૫ બનાવોના હિસાબે ગુજરાતમાં દરરોજ દલિતો ઉપરના અત્યાચારનો એક કેસ બને છે. આ દશ વર્ષોમાં ૨૦૫ દલિત વ્યક્તિઓની હત્યા થઈ છે જ્યારે ૩૨૫ દલિત સ્ત્રીઓ ઉપર બળાત્કાર થયા છે, ગુજરાતમાં દર વર્ષે ૧૭ દલિતોની હત્યા થાય છે અને ૨૭ દલિત સ્ત્રીઓને બળાત્કારના ભોગ બનવું પડે છે. માહિતી અધિકાર અન્વયેની આ માહિતી રાજ્ય સરકાર દ્વારા જ અપાયેલ છે. અત્યાચારોના વધતા જતા ગુન્હાઓ અટકાવવા અને જવાબદારો સામે તાત્કાલીક કાર્યવાહી કરાવવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનું પ્રતિનિધ મંડળ નામદાર રાજ્યપાલને તા. ૧૫-૭-૧૩ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે રાજભવન ખાતે આવેદનપત્ર આપનાર છે. આ પ્રતિનિધિ મંડળમાં માન. સસંદસભ્ય પ્રવિણભાઈ પરમાર, મણીભાઈ વાઘેલા, પ્રદેશ સમિતિના મહામંત્રી પી.કે. વાલેરા, અનુ.જાતિ સેલના અધ્યક્ષ ઈશ્વરભાઈ મકવાણા વગેરે અગ્રણીઓ હાજર રહી નામ. રાજ્યપાલ સમક્ષ દલિતો ઉપર થઈ રહેલ અત્યાચારો અને દલિત સમાજના પ્રશ્નોની રજુઆત કરશે.

**છેલ્લા ૨૪ કલાક...**

● **પહેલા પાનાનું ચાલુ**

નાના મોટા ખાબોચિયા ભરાયેલા છે. ગંદકી અને મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો છે. શહેરના વસાહતીઓ જેમ વરસાદને મન મુકીને માણી રહ્યા છે તેમ ગ્રામ્ય વિસ્તારમાં પણ આનંદ છવાયો છે. ખેડૂતો ખેતીના કામમાં જોતરાઈ ગયા છે. ગામડાઓના ઘણા તળાવોમાં પાણીની આવક વધતા પાણીની સમસ્યાનો મોટાભાગે અંત આવી ગયો છે. જિલ્લામાં ૫૦ હજાર હેક્ટરમાં કૃષિ પાકોનું વાવેતર થયું છે. દક્ષિણ ગુજરાતમાં મેઘસવારીએ ભારે ધબધબાટી બોલાવ્યા બાદ ગાંધીનગર સહિતના સમગ્ર ઉત્તર ગુજરાતમાં મેઘાએ જમાવટ કરી છે. વાતાવરણ જોતા હજુ એકાદ બે દિવસ વધુ વરસાદ પડે તેવી સંભાવના છે.

ટચૂકડી જાહેર ખબર

**હેલ્થ વેલ્થ અને હેપીનેસમાં**

વજન ઘટાડો તમારી તંદુરસ્તીનું પ્રમાણ તપાસો. શરીરની ચરબી શરીરની ઉંમર **BMR, BMI** લીવર પાસેની ચરબી, હાથ પગના મસલ્સ વિગેરે મશીનથી રીપોર્ટ કઢાવી જાણો.

**મો. ૯૬૨૪૪૬૫૧૨૦**

MOTOR ACCIDENT CLAIMS JURISDICTION, MUMBAI.
(Notice Under Section 260 (1) of Maharastra Motor Vehicle Act-1989)
APPLICATION NO.752/10
Smt. Jaya Purushottam Jagtani .... Applicant.
1) Mr. Milind Arvind Pathare
2) M/s. S. Eng. Ltd. .... Opponent.
AND
1) New India Insu. Co. Ltd
2) united India Insu.Co. Ltd.. Insurer.
To,
2) M/s. Sadbhav Eng. Ltd.
Add: Gram - Vagwat, Antersubha, Tal.- Kapadvani, Dist. Kheda, Gujrat- 387411.
To,
where as per the Attached Application, Applicant have lodged Application against you to claim compenstion Under Section **166 &140 A** of Motor Vehicle Act- 1988 regarding the mentioned accident Under Section165 clause (1) of Motor Vehicle Act 1988. Therfore you should remail present in Court No. **8** on **29/07/2013** at 11.00 A.M. and show cause why compensation amount demanded by applicant should not be approved.
If you will fail to remain present on above mention date then this Court will considered that you have nothing to say about the compensation and the Court will declared one sided judgment kindly note this.
This Notice issued today on **10/04/2013** with my signature and seal of the judiciary Court.
By Order
For Administrator
SEAL
M.A.C.Jurisdiction, Mumbai.
9,H.S., Mumbai- 400 001.